# રંગદ્વાર પ્રકાશન

**G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદા સાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ - 380 009**
**ફોન નંબર: (079) 27913344, ઇમેઇલ: rangdwar.prakashan@gmail.com, વેબ સાઇટ: http://www.rangdwar.com**

## 'માનસ'થી લોકમાનસ - લેખક રઘુવીર ચૌધરી, પ્રથમ આવૃત્તિ : 2008, રૂ. 200




આ ગ્રંથ મોરારિબાપુના જીવન અને કર્મ વિશેનો સુંદર ગ્રંથ છે. ભૌતિક જગતના થાક ઉતારતી મોરારિ બાપુની રામકથાઓ થકી કેટલાયને સાચા વિસામા મળ્યાં છે. માનસથી લોકમાનસ ગ્રંથ પણ સાચા અર્થમાં વિસામાનું ઠેકાણું છે. એક ઉત્તમ તટસ્થ વિવેચનની સાથે સૂક્ષ્મ સંશોધનનો આયામ પ્રગટ કરે છે. શ્રી રઘુવીર ચૌધરીના લેખન-સંકલનમાં કથાના માધ્યમથી એક માનવમૂલ્ય તરીકે પ્રેમભક્તિના પ્રસારની સફળતાને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. (**ડૉ. કૃપા ઠાકર, ફૂલછાબ**, તા. 4-6-2009)

આ પુસ્તકમાં લેખકે મોરારિબાપુના જીવનના મુખ્ય પ્રસંગોની વાત કરી છે, તેમના મનોઘડતરનો અને તેમાં ભાગ ભજવનાર વ્યક્તિઓનો પરિચય આપ્યો છે. એક કથાકાર તરીકે મોરારિબાપુનો કઈ રીતે વિકાસ થયો એનો ખ્યાલ આપવાનો લેખકે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે.

(**શ્રી દીપક મહેતા, બુકમાર્ક, મુંબઈ સમાચાર**, જાન્યુઆરી 10, 2010)

આ પુસ્તક દ્વારા લેખકનો હેતુ છે `માનસ' દ્વારા એક શિક્ષક, લોકશિક્ષક બની, જ્ઞાનને સંવેદ્ય બનાવી ભક્તના નાતે શ્લોકને લોક સુધી પહોંચાડનાર સંતશ્રી મોરારીબાપુના પૂર્વાશ્રમની ઝાંખી અહીં વિવિધ પ્રસંગો ટાંકીને કરાવવામાં આવી છે. સંસારમાં રહીને સાધુતા સાચવવાનું કપરું કામ પ્રસન્નતાથી પાર પાડતા સંતની છબીની નાની મોટી રેખાઓને ઉજાગર કરતાં આ લખાણોને છેડે પ્રતિભાવો, પરિશિષ્ટો અને ખાસ તો જે કથા સૂચિ, પુસ્તક સૂચિ અને વ્યક્તિ સૂચિ અપાયાં છે તે શોધનશ્રમ જિજ્ઞાસુઓને માટે ઉપકારક બને એવો છે.

(**શ્રી વિજય શાસ્ત્રી, નવનીત સમર્પણ**, ફેબ્રુઆરી, 2010)

## 'ગિરનાર' - લે. સંજય ચૌધરી, પાનાં 304, પ્રથમ આવૃત્તિ : 2009, મૂલ્ય રૂ. 190, ISBN: 978-93-80125-00-8




લેખકે આ ભૂમિમાં વારંવાર ભ્રમણ કરી, એના ઇતિહાસનો, એના પૌરાણિક સંદર્ભોનો, એના ભૂસ્તરશાસ્ત્રીય વિજ્ઞાનનો, એની વન્યસંપત્તિનો, એના લોકસાહિત્યનો, એના પર લખાયેલ સાહિત્યનો, વગેરે અનેક પાસાંઓનો સમગ્રલક્ષી અભ્યાસ કર્યો અને એના પરિપાક રૂપે જે પુસ્તક પ્રાપ્ત થયું, તે આ પુસ્તક `ગિરનાર'. પુસ્તકમાં મેં કરેલ પ્રવાસને અંતે ગિરનાર સાથે બધું પરિચિત લાગવા માંડ્યું છે. ગિરનારને સમગ્રતાથી ચાહી, એને લગતા તમામ સંદર્ભોમાં ઊંડા ઊતરી, તેનો મહત્તમ ચિતાર આપવાની કોશિશમાં શ્રી સંજય ચૌધરીની નિસબત, પ્રતિબદ્ધતા અને શ્રમને સાદ્યંત અનુભવી શકાય છે. (**ડૉ. ભારતી રાણે, પરબ, જૂન 2010**)

"તપોભૂમિ ગિરનારને આબેહૂબ શબ્દબદ્ધ કરતું પુસ્તક `ગિરનાર' વાંચવામાં આવ્યું. લેખક સંજય ચૌધરીએ ગિરનારની ભવ્યતા, તેનું ધાર્મિક માહત્મ્ય, પ્રાકૃતિક વારસો, ઇતિહાસ વગેરે અંગે અનેકવાર પ્રવાસો ખેડી-સંશોધન કરી તેને પુસ્તક સ્વરૂપે રજૂ કર્યું છે. ગિરનારની કલ્પના કરનારાઓ માટે પુસ્તક ગીર દર્શન કરાવનારું, તો તે અંગે અભ્યાસ કરનારાઓ માટે સંશોધનોનું સ્વરૂપ, ગિરનાર ફરવા-પરિક્રમા કરવા જનાર માટે પુસ્તક ગાઈડ સમાન તો વળી પ્રવાસીઓ માટે ઉત્તમ પ્રવાસ વર્ણન બની રહ્યું છે. ગિરનાર માટેનો નાનકડો એન્સાઈક્લોપિડિયા જેવું ગિરનાર પુસ્તક માણવાની સાથે વસાવવા જેવું ખરું." (**આરપાર, પુસ્તક પરિચય, તા. 27-7-2009, અંક નંબર 404**)

"ગિરનાર અને પરિક્રમા, ગિરનારની તળેટી અને તેની આસપાસનાં મહત્ત્વનાં તીર્થધામો, જૂનાગઢનાં જોવાલાયક સ્થળો, ગિરનાર આરોહણ, ગિરનારની વનસ્પતિ અને વન્યસંપત્તિ, અને સાહિત્યમાં ગિરનાર - આટલા વિષયો પહેલાં અગિયાર પ્રકરણોમાં આવરી લીધા છે. પછીનાં છ પ્રકરણોમાં લેખકે જૂનાગઢના ઇતિહાસનું નિરૂપણ કર્યું છે. આખું પુસ્તક ગિરનાર અને તેની આસપાસના પ્રદેશને શક્ય તેટલી સમગ્રતાથી આવરી લેવાનો સફળ પ્રયત્ન કરે છે. કહો કે લેખકે અહીં શબ્દ દ્વારા ગિરનારની પરિક્રમા કરી છે અને તેમાં જોડાવા વાચકોને આમંત્રણ આપ્યું છે." (**શ્રી દીપક મહેતા, મુંબઈ સમાચાર, રવિવાર, તા. 19-7-2009**)

"પ્રત્યેક ગિરનાર-પ્રેમીએ વસાવવા લાયક ગ્રંથ - આ પુસ્તક `ગિરનાર'માં શ્રી સંજય ચૌધરીએ લીધેલી જહેમત અને ઝીણી મોટી વિગત માટે ચીવટ અને લીધેલી કાળજી ઉડીને આંખે વળગે છે. `ગિરનાર'ને પૂરેપૂરો આત્મસાત કરી લીધાનું અને પૂરેપૂરો ન્યાય અપાયાનું સ્પષ્ટ જણાઈ આવે છે. લેખકે અનેક દૃષ્ટિકોણથી ગિરનારને જોયો છે." (**હર્ષદ ચંદારાણા, ફૂલછાબ, મધુવન પૂર્તિ, તા. 12-7-2009**)

"ગિરનારની પરિક્રમા વિશે વિવિધ માહિતી અને લોકમાન્યતાઓ આલેખ્યા પછી લેખકે ગિરનારની પરિક્રમાનું, પોતાના અનુભવોનું વર્ણન કર્યું છે. નકશો આપ્યાથી વાચક પણ જાણે કે તેમની આંગળી પકડીને ગિરનારની પરિક્રમા કરે છે. એ પછી ગિરનાર આરોહણનું વર્ણન પણ એટલું જ રોચક છે. ગિરનારમાં આવેલાં વૃક્ષો, વન્યસંપત્તિ આ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે તો સાહિત્યમાં ગિરનાર પ્રકરણ લેખકના અભ્યાસનું દ્યોતક છે. ગિરનાર વિશે પુરાણો-મહાભારત તેમ જ જૈન ગ્રંથો અને બૌદ્ધ ગ્રંથોના સંદર્ભો તેમ જ ગિરનાર વિશે રચાયેલી નવલકથાઓ તેમ જ ગિરનાર વિશેનાં કાવ્યો અને લોકસાહિત્યમાં ગિરનાર જેવાં લેખોથી આ વિભાગ સમુદ્ધ બન્યો છે. સંદર્ભ સૂચિ જોતાં ખ્યાલ આવે કે લેખકે આ પુસ્તકને અધિકૃત બનાવવા કેટલી મહેનત લીધી છે. આપણે ત્યાં અભ્યાસીઓ અને સંશોધકો ઘટતા જાય છે ત્યારે આ પ્રકારનાં સંશોધન મંડિત પુસ્તકો આવકાર્ય છે." **(શ્રી સતીષ વ્યાસ, જન્મભૂમિ પ્રવાસી**, રવિવાર, જૂન 7, 2009)

"ગિરનાર પર્વત, તેની પરંપરાગત પરિક્રમા, ધાર્મિક સ્થળો, તળેટી, જૂનાગઢ શહેર, ગિરનાર આરોહણ, ગીર જંગલની પ્રાણી - પક્ષી - વનસ્પતિ સૃષ્ટિ, સોરઠી સાવજ, જેવા વિશાળ વૈવિધ્યને તેમ જ સાહિત્યમાં ગિરનાર અને ગિરનારના સાહિત્યને લેખકે ઘણાં ઊંડાણપૂર્વક આ પુસ્તકમાં આવરી જાણ્યું છે. ગિરનાર માટેનો નાનકડો એન્સાઈક્લોપિડિયા જાણે ગૂંથાયાનું જણાય છે. ગિરનારની પરિક્રમાની સ્વાનુભવગાથાથી પ્રારંભાતું પુસ્તક ગિરનારની સમગ્ર સૃષ્ટિ-પ્રકૃતિ-પર્યાવરણની પરકમ્મા કરાવી જાય છે." **(શ્રી મયંક વ્યાસ, પુસ્તક પરિચય, દિવ્ય ભાસ્કર**, રવિવાર, જૂન 7, 2009)




**'સરવંગા' - લે. નરોત્તમ પલાણ, પ્રથમ આવૃત્તિ : 2009, મૂલ્ય : રૂ. 100**

આ પુસ્તકમાં લેખકે આપણા સંપ્રદાયો અને તેના સાહિત્યનો વિમર્શ કરતા અઢાર લેખો ગ્રંથસ્થ કર્યા છે. ગિરનારના દત્ત શિખર પ્રતિ `ભગવદ્-ગોમંડળ'માં વ્યક્ત કરાયેલી શંકાના જે ખુલાસાઓ લેખક આપે છે તેમાં એમની તર્કપટુતા વૈજ્ઞાનિકતા અને આધારો રજૂ કરવાની ક્ષમતા પ્રગટ થાય છે. બધા જ લેખો ચર્ચ્યવિષયની સર્વગ્રાહી રૂપરેખા અને મર્મદર્શનથી યુક્ત છે. `સરવંગા એટલે, સર્વ પંથનો, કોઈ એક પંથનો નહીં.'

**(શ્રી વિજય શાસ્ત્રી, નવનીત સર્મપણ**, જાન્યુઆરી, 2010)




**`એક ડગ આગળ બે ડગ પાછળ' - લે. રઘુવીર ચૌધરી,**
**નવલકથા, પ્રથમ આવૃત્તિ : 2008, મૂ. : રૂ. 170**

લેખકે ગુજરાતના વર્તમાન ગ્રામ-પરિવેશનું વાસ્તવિક દર્શન કરાવવાની સાથોસાથ વિશ્રામની એવી ક્ષણો વાચકને શોધી આપી છે કે જે તેને પોતાના જીવન વ્યવહારમાં મૂલ્યોની માવજત કરવા પ્રેરે. આ નવલકથામાં ગ્રામ-પરિવેશના અનેક સામાજિક આયામો આબેહૂબ દર્શાવાયા છે. તે પૈકી, શિક્ષણ સંદર્ભેનું આલેખન વિશેષ ધ્યાન ખેંચે છે. આર્થિક રીતે સંપન્ન જણાતા હરિભાઈ વિદેશથી પ્રેમવશ પોતાના વતન-ગામે આવીને વસ્યા છે. હરિભાઈ પોતાની ખેતી સંભાળે છે. ગામનાં વિકાસ કાર્યોમાં સક્રિય રસ દાખવે છે. હરિભાઈ સરખા કર્મયોગી થકી સમાજ એક ડગ આગળ વધે છે. પણ લેખકના અવલોકન મુજબ, ટૂંકી દૃષ્ટિના સ્વાર્થી અર્થકારણ અને રાજકારણનાં રોડાં વિકાસ-યાત્રાને અવરોધે છે. આમ છતાં લિંકન-ગાંધીના વારસાને નાબૂદ નહીં કરી શકે એની હૈયાધારણ આપીને વાચકને વિશ્રામની ક્ષણો શોધી આપવામાં અને વિદ્યાક્ષેત્રનું વાસ્તવદર્શન કરાવવામાં લેખક અવશ્ય સફળ રહ્યા છે. સમગ્ર રજૂઆત ધસમસતી અને ચિત્રાત્મક છે. **(શ્રી ઈશ્વર પરમાર**, ઉદ્દેશ, માર્ચ 2010)




**`સમીપે', ડૉ. ભરત શાહ, નવલકથા, પ્રથમ આવૃત્તિ : 2003, મૂ. : રૂ. 100**

સાચે જ આ લઘુનવલ મૃત્યુ સામેની આકરી લડાઈ છે. અખૂટ શ્રદ્ધાના બળની સામે મૃત્યુને પરાજય સ્વીકારવો પડે છે અસૂર્યલોકે ઉષાનો પુનર્જન્મ થાય છે. `સમીપે'ની સમૃદ્ધિ એની ભાવશબલતા છે. `સમીપે'માં કરુણ અને હાસ્યની ભાવશબલતા છે. કૃતિ સુખાંત હોવા છતાં તેનો પ્રધાન રસ તો કરુણ જ છે. અહીં મરણની ભીષણતા નથી.અફર નિયતિ સામેનો વિદ્રોહ નથી. લાગણીવેડા, રુરુદિષા અને વિલાપ તો નથી જ નથી. અનેક પરાભવો પામવા છતાં પરાજય ન સ્વીકારવાની અવિચલ શ્રદ્ધા, જીવનના આકરી શ્વાસ સુધી લડી લેવાની તત્પર શ્રદ્ધા, મૃત્યુને પણ બે ડગલાં પાછા હટી જવું પડે તેવી બળવાન શ્રદ્ધા આ નવલના પાને પાને, પદે પદે પ્રતીત થાય છે. ડૉ. ભરત શાહે ટ્રાન્સપ્લાન્ટની એક ઉત્તમ કથા આપી છે. **(શ્રી મધુસૂદન કાપડિયા**, શબ્દસૃષ્ટિ, ડિસેમ્બર, 2009)